# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - વાશિષ્ટ અત્રિ શાળા વિકાસ સંકુલ, મહેસાણા

તારીખ : ૩૦-૦૧-૨૦૨૩
વાર : સોમવાર

## દ્વિતીય વાર્ષિક પરીક્ષા - ૨૦૨૩

ધોરણ : ૧૧ વિષય : ગુજરાતી

કુલ ગુણ : ૫૦
સમય : ૨ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે.
(2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો.
(4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

### વિભાગ - A (પદ્ય આધારિત)

★ **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.** 2

(1) ઝાડવાને ફળિયું છોડીને કયાં જવું છે ?

(2) વધસ્તંભ પર કોને જડી દેવામાં આવ્યા હતા ?

★ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ - ચાર વાક્યમાં ઉત્તર આપો.** 2

(3) નાયિકના આતિથ્ય માટે નાયિકા શી શી વિનંતી કરે છે ?

★ **નીચે આપેલા પશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** 4

(4) 'નાવિક વળતો બોલિયો' કાવ્યના આધારે નાવિકના ભક્તહૃદયને આલેખો.

<u>*અથવા*</u>

'પરાજયની જીત' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

★ **નીચેના પશ્નોના હેતુલક્ષી ઉત્તર લખો.** 1

(5) 'ભગવાનનો ભાગ' કાવ્યના કવિનું નામ જણાવો.

### વિભાગ - B (ગદ્ય આધારિત)

★ **નીચે આપેલા પ્રશ્નનો ઉત્તર એક વાક્યમાં લખો.** 2

(6) રમણિકલાલનો વ્યવસાય શો હતો ?

(7) ઝીણાનું મૃત્યું કઈ રીતે થયું ?

★ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ- ચાર વાક્યોમાં ઉત્તર લખો.** 2

(8) કે.કા.શાસ્ત્રીનો જીવન સિદ્ધાંત અને જીવન-આદર્શ શો હતો ?

★ **નીચે આપેલ પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો.** 4

(9) 'પોસ્ટ ઓફિસ' વાર્તાનો અંત તમારા શબ્દોમાં લખો.

<u>*અથવા*</u>

'હુકમ માલિક' એકાંકીના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

★ **નીચેના પશ્નોના હેતુલક્ષી ઉત્તર લખો.** 1

(10) તપસ્વી સારસ્વતનો સાહિત્ય પ્રકાર લખો.

### વિભાગ - C (વ્યાકરણ)

★ **નીચેનાં વાક્યમાં રેખાંકિત શબ્દમાં બંધબેસતો પ્રત્યય મુકી વાક્ય ફરીથી લખો.** 1

(11) કોશકાર્ય પણ <u>શાસ્ત્રીજી</u> પ્રિય ક્ષેત્ર રહેલું.

★ **નીચેના વાક્યને કૌંસમાં માગ્યા પ્રમાણે પરિવર્તન કરી ફરીથી લખો.** 1

(12) મારાથી સહજ બોલાઈ ગયું. (કર્તરિ વાક્યમાં ફેરવો)

★ **નીચેના વાક્યને કૌંસમાં માગ્યા પ્રમાણે પરિવર્તન કરી ફરીથી લખો.** 1

(13) વરસાદ પડી રહ્યો નથી. (વિધાન વાક્ય બનાવો.)

★ **નીચેનું વાક્ય લેખનરૂઢી અને ભાષા શુદ્ધિની દૃષ્ટિએ સુધારી ફરીથી લખો.** 1

(14) મને પાની પીવડાવશો.

★ **નીચે આપેલ સમાનાર્થી શબ્દો શોધીને સામ-સામે લખો. (કોઈપણ બે - પ્રત્યેકનો અડધો ગુણ)** 1

| | | | |
|---|---|---|---|
| (15) | નૃપ | તન | વિપ્ર |
| (16) | બ્રાહ્મણ | ભૂપ | શરીર |
| (17) | કાયા | ભૂદેવ | રાજવી |

Master Classes Chirag Prajapati 98241 49446

★ નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખો. વાક્યનો અર્થ બદલાય નહી તે રીતે ફરીથી લખો. (કોઈપણ બે - પ્રત્યેકનો અડધો ગુણ) 1

(18) વાતાવરણ ગંભીર બની ગયું.

(19) આપણે જાણતા હોતા નથી

(20) નાનાભાઈએ જરા કડક અવાજે કહ્યું.

★ નીચે આપેલા શબ્દોમાંથી કોઈપણ બે શબ્દો માટે શબ્દ સમૂહ આપો. (પ્રત્યેકનો અડધો ગુણ) 1

(21) સપ્તાહિક (22) પછીત (23) જીન

★ નીચે આપેલા શબ્દોમાંથી કોઈપણ બે તળપદા શબ્દોના શિષ્ટભાષાના શબ્દ લખો. (પ્રત્યેકનો અડધો ગુણ) 1

(24) લૂલી (25) ભેરુ (26) દન

★ નીચે આપેલા શબ્દોમાંથી કોઈપણ બે શબ્દોના અર્થભેદ લખો. (પ્રત્યેકનો અડધો ગુણ) 1

(27) હરિ (28) રાશિ (29) દિન

★ નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્ય પ્રયોગ કરો. 1

(30) મન ભાંગી જવું અથવા (30) કાગને ડોળે રાહ જોવી

★ નીચેનાં ગદ્યખંડને વિચાર-વિકાસના યોગ્ય ક્રમમાં ગોઠવી ફરીથી લખો. 2

(31) "નિયામક તમે જ રહો", નાનાભાઈ એમ કરીએ, બાકી બધું અમે સંભાળીશું ને પૈસા લાવવાની જવાબદારી તમારી.

## વિભાગ - D (અર્થગ્રહણ)

★ નીચે આપેલ કાવ્ય વાંચી નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેકનો એક ગુણ) 4

ફરવા આવ્યો છું
હું તો બસ ફરવા આવ્યો છું !
હુ કયાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું ?
અહીં પથ પર શી મધુર હવા
ને ચ્હેરા ચમકે નવા નવા !
રે ચહે ન પાછો ઘેર જવા !
હું ડગ સાત સુખ ભરવા અહીં સ્વપ્નમહી
સરવા આવ્યો છું
જાદુ એવો જાય જડી
કે ચાહી શકું બે ચાર ઘડી
ને ગાઈ શકું બે ચાર ઘડી
તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે
ધરવા આવ્યો છું !
હું તો બસ ફરવા આવ્યો છું !

- નિરંજન ભગત

પ્રશ્નો :

(32) કવિ ફરવા માટે કયું પ્રયોજન કહે છે ?

(33) કવિ પથ પર શો અનુભવ કરે છે ?

(34) કવિ શો જાદુ ઝંખે છે ?

(35) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

★ નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. 4

અભ્યાસનું મહત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાવેલું છે, પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર આપણું ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર રૂઢ થતાં નથી. એ જણાયું એટલે ગમે તે રીતે અભ્યાસ કરવા મંડીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે. ભયથી, લાલચથી કે પ્રેમથી ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકો છો. એમાં અભ્યાસ કરનારને વિવેકબુદ્ધિ ખીલવવી પડતી નથી. સરકસના મેનેજરો જનાવરોને ભયથી કેળવે છે. શાળામાં શિક્ષકો પણ એ રીત અજમાવે છે. ઘણા ધર્મગુરુઓ પણ ભય કે

Master Classes Chirag Prajapati 98241 49446

આશા બતાવીને સારી ટેવો પાડવા પ્રયત્ન કરે છે. પણ આ રીતે પડેલી ટેવોમાંથી જ્યારે વિશ્વાસ ઉઠી જાય ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે.

પ્રશ્નો :

(36) આપણે અભ્યાસનું મહત્વ શા માટે સ્વીકારીએ છીએ ?

(37) અભ્યાસની દરેક ક્રિયા કેટલી રીતે કરી શકાય છે ? કઈ કઈ રીતે ?

(38) ભયથી પડેલી ટેવો ક્યારે નાશ પામે છે ?

(39) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## વિભાગ - E (લેખન સજ્જતા)

★ **નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આપેલ મુદ્દાઓ આધારિત આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** 8

(40) મારો યાદગાર પ્રવાસ

પૂર્વ ભૂમિકા - પ્રવાસનાં સ્થળો - મુલાકાત - માહિતી પ્રાપ્તિ - લાભ - યાદગીરી - સમાપન

અથવા

(40) માતૃપ્રેમ

પ્રસ્તાવના - માતાના અનન્ય ત્યાગ અને વાત્સલ્ય - નિસ્વાર્થ પ્રેમ - બાળકના ઘડતરમાં માતાનો ફાળો - જનનીની અજોડતા - માતાને ભવ્ય અંજલિ - ઉપસંહાર

અથવા

(40) વસંતનો વૈભવ

પ્રસ્તાવના - વસંતનો વૈભવ - વસંતનું વાતાવરણ - વસંતની માનવજીવન પર અસર કવિઓની પ્રિયઋતુ - ઉપસંહાર

★ **નીચેના વિષય પર આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો.** 4

(41) તમારી શાળાના શિક્ષકનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો છે તો તે વિદાય સમારંતનો અહેવાલ આશરે સો શબ્દોમાં લખો.

અથવા

★ **નીચેની પંક્તિનો આશરે સો શબ્દોમાં વિચાર વિસ્તાર કરો.**

(41) વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી
માથે ધરું ધૂળ વસુંધરાની

●●●●●

Master Classes Chirag Prajapati 98241 49446